
# આપણી પાસે જીતની બાજી હોય તોય હારી કેમ જવું તે શીખવું હોય તો કોંગ્રેસ પાસેથી જ શીખવુ પડે..!

આપણા હાથમાં સરની બાજી છે. જીતવાની પુરી સંભાવનાઓ છે, છતાં પણ કેવી રીતે હારી જવું તે શીખવું હોય તો ગુજરાતમાં કોંગ્રેસ પાસેથી શીખવું પડે તેમ છે..! જે પોતાના ભૂતકાળમાંથી શીખી ના શકે તેને બીજા તો કેવી રીતે શીખવાડી શકે..? આખા ગુજરાતમાં વાતાવરણ ભાજપની સરકારો સામે હોય, આંદોલનના નેતાઓ બાંયો ચડાવીને સાથે બેઠા હોય... સોશીયલ મીડીયામાં નંબર વન હોય... મુદ્દાઓ તરફેણમાં હોય... માહોલ જામી ગયો હોય... અને છતાંય દર વખતે થાય તેમ ટીકીટની વહેંચણી આવે એટલે કોંગ્રેસનો અસલ ચહેરો પ્રગટ થઈ જાય..! ગાળાગાળી-મારામારી-તોડફોડ-એજ રીત - એજ રસમો અને એ જ આબરૂના ધજાગરા..!




તો ભાજપે પણ ખુશ થવાની કંઈ જરૂર નથી..! ચાર દિવાલોમાં કેટલાના પગ પકડી ભઈબાપા કર્યા છે..! કોંગ્રેસમાંથી પાટલીઓ બદલાવી બદલાવી ભાજપમાં ભરતી કરાવી ટીકીટો આપી આ ભાજપને શોભતુ નથી..! વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી હોવાનો દાવો કરતી ભારતીય જનતા પાર્ટીને પણ રીઢા ગુનેગારોને... બુટલેગરોને... અને ભાંગફોડીયાઓને ટીકીટો આપવી પડે છે..! કાર્યકરોની મોટી ફોજ છે તો શા માટે કાલોલ કે ગોંડલમાં કે વાઘોડીયામાં નમી નમીને ટીકીટ આપવી પડે છે..! તમારા વફાદાર અને નિષ્ઠાવાન કાર્યકરોને કોરાણે મુકી ગઈકાલ સુધી તમને ગાળો દેનાર કાર્યકરોને તમારી પીઠ પર કેમ બેસાડવા પડ્યા છે ?! વિકાસના નામે વોટ લેવાના છે. ત્યારે જાદુગરોને શેરીનાટક કલાકારોની શી આવશ્યકતા છે ?! અને હા તમારી પાસે વિકાસના જ મુદ્દા હોય તો કમસેકમ રાહુલ ગાંધીને ભાંડવાનું શું કામ પસંદ કરો છો ?! તમે તમારી વાત કરોને..!

કોંગ્રેસ કે ભાજપ બન્ને એકબીજાને સારા કહેવડાવે તેટલી હદે નીચે જઈ રહ્યા છે..! કોઈ બોલવામાં માહિર છે તો કોઈ ચાલ ચાલવામાં માહિર છે..! કોઈ ભવાઈ કરે છે તો કોઈક નાટક કરે છે. પણ પ્રેક્ષકની ભૂમિકામાં રહેલી પ્રજા બધું જ સમજે છે..! અને હવે એ પણ નાટક કરે છે. પણ ના..! હવે સમય આવી પહોંચ્યો છે સ્પષ્ટ કહેવાનો..! તડ ને ફડ કહેવાનો.... સાચા ને સાચુ ને ખોટાને ખોટુ કહેવુ જ પડશે..! દંભીઓને ખુલ્લા પાડવા પડશે..! ચોરને ચોર કહેવો જ પડશે અને સાચાને બચાવવો જ પડશે..! આ કામ મારૂ એકલાનું નથી..! એમ કહી છુટી પડવાનું નથી. તમે નહી પહોંચી વળો તેમ કહી ઉતારી પાડવાનુંય નથી. હું, તમે અને આપણે આગામી પંદર દિવસ જો તડ ને ફડ કરીશુ તો પાંચ વરસ કોઈ ફરિયાદ નહીં કરવી પડે..! ખરૂ ને..?!

**- નિમિત્ત માત્ર**

**નિષ્ઠાવાન કાર્યકરોની ફોજ હોય તોય બુટલેગરો અને અસામાજીકોને ટીકીટ આપવી કેમ પડે તે ભાજપ પાસેથી શીખવું પડે..!**

# જિલ્લાની પાંચેય બેઠકો પર મુરતિયાઓ માલેતુજાર

**ઉમેદવારોએ ચુંટણી પંચ સમક્ષ એફિડેવીટ રજુ કરી સંપત્તિ, શૈક્ષણિક લાયકાત સહીતની વિગતો રજુ કરી**

ગાંધીનગર તા ૨૮

આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ગઈકાલે ઉમેદવારી નોંધાવાના આખરી દિવસના અંતે જિલ્લામાંથી ૧૨૮એ ઉમેદવારી નોંધાવી છે. જયારે આજે આ પૈકી ૪૩ જેટલા ફોર્મ રદ થયા બાદ હાલની સ્થિતિએ ભાજપ અને કોંગ્રેસ સહીત અન્ય થઈને કુલ ૮૫ ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે. ઉમેદવારી ફોર્મ સાથે મુરતિયાઓએ તેમના અભ્યાસ અને સ્થાવર જંગમ મિલ્તક સહીતની સઘળી વિગતો ચુંટણી પંચને સુપ્રત કરી છે. જયારે આ મુજબ જિલ્લાની મોટાભાગની બેઠકો પર ચુંટણીના ઉમેદવારો માલેતુજાર છે. ઉમેદવારો કેટલા મકાન,દુકાન ખેતર કાર સોનુ ચાંદી ધરાવે છે તે સહીતની વિગતોનો તેમાં સમાવેશ થાય છે. ઉમેદવારોએ રજુ કરેલી એફિડેવિટ મુજબ દક્ષિણની બેઠકના રીપીટ ઉમેદવાર શંભુજી ઠાકોર પાસે૯૭.૮૩ લાખની જંગમ અને૯૩ લાખની સ્થાવર મિલ્કત છે. જેની સામે કોંગ્રેસના ગોવિંદજી સોલંકીએ ૩૬.૧૬ લાખની જંગમ મિલ્કત દર્શાવી છે. જયારે તેમણે સ્થાવર મિલ્કત દર્શાવી નથી. ગાંધીનગર ઉત્તરની બેઠક પરથી સતત બીજીવાર ઉમેદવારી નોંધાવતા અશોક પટેલ ૪૪.૮૫ લાખની જંગમ મિલ્કતો ધરાવે છે. જયારે ૩.૩૪ કરોડની સ્થાવર મિલ્કતોનો પણ સમાવેશ થાય છે. આ મિલ્કતમાં મકાન દુકાન ખેતર સહીતનો સમાવેશ થાય છે. કોંગ્રેસના ઉત્તરના ઉમેદવાર સી જે ચાવડા પાસે રૂ ૧.૮૩ કરોડની જંગમ મિલ્કત છે. જેમાં સોના ચાંદી અને રોકડનો સમાવેશ થાય છે. તેમણે એફિડેવિટમાં ૨.૦૪ કરોડની લોનનો પણ ઉલ્લેખ કર્યો છે. જયારે ૨.૮૩ કરોડની મિલ્કતનો પણ સમાવેશ થાય છે. જયારે કલોલમાં કોંગ્રેસના ઉમેદવાર બળદેવજી ઠાકોરે ૨૩.૯૩ કરોડની મિલ્કતનો ઉલ્લેખ કર્યો છે. પ્રતિસ્પર્ધી ઉમેદવાર ભાજપના ડો અતુલ પટેલ ૩,૩૧ કરોડની જંગમ મિલ્કત ધરાવે છે. ઉપરાંત ૩,૩૦ કરોડની સ્થાવર મિલ્કત છે. આ ઉપરાંત ૨.૬૪ કરોડની લોનનુ દેવુ પણ છે. માણસાના ઉમેદવાર અમિત ચૌધરી ૧.૭૭ કરોડની જંગમ તેમજ ૧૭.૧૪ કરોડની સ્થાવર મિલ્કત ધરાવે છે. સામે કોંગ્રેસ પક્ષના સુરેશ પટેલ જંગમ અને વારસા સહીત ૨.૮૨ કરોડની મિલ્કત છે. દહેગામમાં કોંગ્રેસના ઉમેદવાર કામિની બા રાઠોડ ૩૧.૬૦ લાખની જંગમ મિલ્કત ધરાવે છે. તેમની પાસે ૩૫૦ ગ્રામ સોનુ છે. ભાજપના ઉમેદવાર બલરાજ ચૌહાણની પાસે ૧૩.૪૭

**કલોલના કોંગ્રેસના ઉમેદવાર બળદેવજી ઠાકોરે ૨૩.૯૩ કરોડની મિલ્કત દર્શાવી : ઉત્તરની બેઠકના ભાજપના અશોક પટેલ પાસે ૩.૩૪ કરોડની સ્થાવર મિલ્કત**

● અનુસંધાન પાન-૩ પર

# ટીકીટ ન મળી તેનો અફસોસ નથી ! : નિશિત વ્યાસ

**કોંગ્રેસના વફાદાર સૈનિકને બલિદાનનો કોઇ રંજ હોતો નથી : સત્તા કે પદ માટે જ રાજકારણ કે સમાજસેવા કરવાનુ પસંદ કર્યુ નથી : કોંગ્રેસની વિચારધારાને આત્મસાત કરી છે : નિશિત વ્યાસ**

ગાંધીનગર તા ૨૮



પાર્ટી હાઇકમાન્ડે કોઈપણ ભોગે ચુંટણી જીતવાનો નિર્ધાર કર્યો છે. ત્યારે અમારા જેવા ચાર પેઢીથી પક્ષ સાથે જોડાયેલા છે તેમને બલિદાન આપવાનો કોઈ રંજ હોતો નથી. મેં અને મારા પરિવારે કોંગ્રેસની વિચારસરણીને આત્મસાત કરી છે. સિધ્ધાંતોને અનુસર્યા છીએ. સત્તાની લાલસામાં ધારાસભાની ટીકીટ કે બોર્ડ કોર્પોરેશનમાં કોઇ હોદો લેવા માટે રાજકારણ કે સમાજસેવા કરવાનો કોઈ ઉદેશ્ય રાખ્યો જ નથી. રાજકીય સ્થિતિને અનુરૂપ થઇ અન્યને સાચવવા માટે પક્ષના સૈનિકે સદાય બલિદાન આપવા તૈયાર રહેવુ પડે છે. તેમ આજે ગાંધીનગર ઉત્તરની બેઠક પર કોંગ્રેસમાંથી દાવેદારી કરી ચુકેલા નિશિત વ્યાસે જણાંવ્યુ હતુ. કોંગ્રેસ પક્ષ સાથે છેલ્લા ૩૩ વર્ષથી જોડાયેલા નિશિત વ્યાસની ટીકીટ કોંગ્રેસે બે વાર પોકેટમાંથી પાછી કાઢી લીધી તેમ કહીએ તો પણ ચાલે પરંતુ કોંગ્રેસના આ વફાદાર સૈનિકને તેનો કોઇ અફસોસ નથી. પરંતુ પાર્ટીની વિચારધારા સાથે મળીને પક્ષનો વિશ્વાસ જાળવીને કોંગ્રેસ સાથેની વફાદારીને કાયમ રાખવાનો જોમ જુસ્સો હજુ પણ બરકરાર છે.તેમના શુભેચ્છકોના મતે આજના રાજકીય પક્ષ પલ્ટાના યુગમાં જે વ્યકિત પક્ષ માટે આટલા વફાદાર હોય તે પ્રજાના પ્રતિનિધિ તરીકે ચોકકસ પ્રામાણિક પણે ઉમદા કર્તવ્ય નિભાવી શકે.

**સીધો સંવાદ - ધનંજય જોષી**

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં જ્ઞાતિવાદના સમીકરણો પરિણામમાં ફેરબદલ કરી શકશે કે કેમ તે વાત સમયે સ્પષ્ટ થઈ જશે. પરંતુ જ્ઞાતિવાદને મુખ્યમુદ્દો બનાવી ટીકીટોની ફાળવણીના લીધે સમગ્ર રાજયમાં બન્ને પક્ષે મોટાભાગની બેઠકો પર વાદવિવાદ, અસંતોષ અને રોષ જોવા મળી રહયો છે. ટીકીટ નહીં મળવાના કારણે અપેક્ષિત ઉમેદવારો છંછેડાઈ જાય છે. અન્યાય થયો હોવાની લાગણી સાથે રાજીનામા અને પક્ષપલ્ટા સુધી વાત આવી જાય છે. આવા સંજોગોમાં પક્ષની વિચારધારા સાથે ઓતપ્રોત બની વફાદાર બનેલા નેતાઓ પક્ષની સાથે સમાજમાં પણ આગવી ઈમેજ ધરાવે છે. માટે જ કદાચ પાર્ટી હાઇ કમાન્ડ પણ તેવા સંનિષ્ઠ કાર્યકરોને વિશેષ નજરે જોતા હશે. આવી જ વિચારધારા ધરાવતા કોંગ્રેસના નેતા નિતિશ વ્યાસ સાથેની વિશેષ વાતચીત આ મુજબ છે.

**કોંગ્રેસે ટીકીટ ન આપી તેનો અફસોસ છે ?**

ના જાહેરજીવનમાં છીએ ત્યારે અફસોસની વાત નથી. ટીકીટ ન મળી તેનાથી કોઇ ફેર પડતો નથી

● અનુસંધાન પાન-૩ પર

# હવે, જિલ્લામાં ૮૫ ઉમેદવારો મેદાનમાં

**ચકાસણીમાં ૪૩ ઉમેદવારીપત્રો રદ થયા : સૌથી વધુ ઉમેદવારો માણસામાં ૨૭ રહ્યા; ગાંધીનગર (ઉ) પર ૧૭, કલોલમાં ૧૯, દહેગામમાં ૧૨ અને ગાંધીનગર (દ)માં ૧૦ મેદાનમાં**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠક માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણીને અંતે ૮૫ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ૪૩ ઉમેદવારીપત્રો વિવિધ કારણોસર રદ થવા પામ્યા છે.

જિલ્લામાં સૌથી વધુ ઉમેદવારો માણસા બેઠક પર નોંધાયા છે. ચકાસણીને અંતે ૨૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આ પછી કલોલમાં ૧૯ ઉમેદવારો તેમજ ગાંધીનગર (ઉ) બેઠક પર ૧૭, ગાંધીનગર (દ) બેઠક પર ૧૦ અને દહેગામ પર ૧૨ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

જિલ્લાની પાંચેય બેઠક માટે આજે સામાન્ય નિરીક્ષકોની હાજરીમાં ઉમેદવારીપત્રોની ચકાસણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચકાસણીની કામગીરી સરળતાથી પૂર્ણ થઈ હતી.

જે ઉમેદવારી પત્રો રદ થયા છે તેમાં ઉમેદવારો દ્વારા એક કરતાં વધુ સેટ રજુ થયા હોય તેવા, ડમી ઉમેદવારોના ફોર્મ રદ થયા છે. આ ઉપરાંત સાત જેટલા અપક્ષ ઉમેદવારોના ફોર્મ પણ અધુરી વિગતો, ટેકેદારોની સંખ્યામાં અધુરાશ, ટેકેદારોની વિગતોમાં ત્રુટીઓ સહિતની વિગતોના અભાવને કારણે રદ થયા છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર ૩, કલોલની બેઠક પર ૩, ગાંધીનગર (દ) બેઠક પર એક અપક્ષ ઉમેદવારનું તેમજ સેંધાજી ઠાકોર જેમણે પક્ષનો મેન્ડેટ રજુ ના કરતાં તેમનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યું છે.

જિલ્લામાં હવે સૌની નજર ૩૦મીએ ઉમેદવારીપત્ર પાછા ખેંચાયા બાદ સ્પષ્ટ થનાર ચિત્ર પર ટીકી છે. જો કે જિલ્લામાં બહુકોણીય જંગ નિશ્ચિત બની ચુકયો છે. જિલ્લામાં બે ઈવીએમ મતદાન માટે ઉપયોગમાં લેવાશે કે કેમ ? તે બધુ જ ચિત્ર ૩૦મીએ સ્પષ્ટ થશે.

જિલ્લામાં જો કે હજુ જાહેર પ્રચારના શ્રીગણેશ શરૂ થયા નથી. આમ તો ઉમેદવારોએ તેમના સમર્થકોનો સંપર્ક અભિયાન આરંભી જરૂર દીધુ છે. ૩૦મીએ ચિત્ર સ્પષ્ટ થયા પછી પ્રચાર અભિયાનમાં વેગ આવશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે ખરો જંગ ૫ મી ડિસે. થી ૧૨ ડિસેમ્બર વચ્ચે જ જામશે. ઉમેદવારો પણ લગ્નસરામાં અટવાયા હોવાથી ૫ થી ૧૨ દરમ્યાન જ આક્રમક પ્રચાર અભિયાનના શ્રી ગણેશ કરશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

# રાજ્યમાં મતદાન દિને ૯મી અને ૧૪મીએ રજા

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં આગામી સમયમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબક્કામાં યોજાનાર છે. આ ચૂંટણીમાં તા. ૯મી અને ૧૪મી ડિસેમ્બર-૨૦૧૭ના રોજ મતદાન યોજાશે. મતદાનના આ દિવસે સંબંધિત જિલ્લાઓમાં વટાઉખત અધિનિયમની કલમ ૨૫ અન્વયે રજા જાહેર કરવામાં આવી છે, એમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર રાજ્યમાં યોજાનાર ચૂંટણીમાં તા. ૯મી ડિસેમ્બરને શનિવારના રોજ પ્રથમ ચરણમાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, નર્મદા, ભરૂચ, સુરત, તાપી ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં મતદાન યોજનાર છે. જ્યારે ૧૪મી ડિસેમ્બર-૨૦૧૭ને ગુરૂવારના રોજ બીજા ચરણમાં અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, આણંદ, ખેડા મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાઓમાં મતદાર યોજાશે. ત્યારે સંબંધિત જિલ્લાઓમાં મતદાનના દિવસે વટાઉખત અધિનિયમ અન્વયે રજા જાહેર કરવામાં આવી છે, એમ પણ વધુમાં જણાવાયું છે.



મતદાર જાગૃતિ અભિયાન - રાજ્યમાં ચૂંટણીના કાઉન્ટ - ડાઉન સાથે મતદાન જાગૃતિ અભિયાન પણ ચૂંટણી તંત્ર દ્વારા જોરશોરથી આરંભાયુ છે... ગાંધીનગર - અમદાવાદમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો દ્વારા મતદારોને આકર્ષિત કરાય છે... મતદાન - મહાદાન, વધુ મતદાન કરી લોકશાહીને મજબૂત કરવા પ્રેરિત કરતા સૂત્રોના પ્લેકાર્ડ સાથે અમદાવાદમાં માનવ સાંકળ યોજાઈ હતી... કેટલાકસ્થાનો પર શેરી નાટકના કાર્યક્રમો, બાઈક રેલી અને પ્રદર્શન-નિદર્શનના કાર્યક્રમો આયોજીત કરાયા હતા....

# અમિત જેઠવા કેસમાં ટ્રાયલ સામે ચોથી સુધી સ્ટે મુકાયો

**તૈયારી કરવા સોમવાર સુધીનો સમય અપાયો : સનસનાટીપૂર્ણ કેસની તૈયારી કરવા માટે સરકારી વકીલને સમય આપવા માટે જેઠવાના પિતાએ માંગણી કરી હતી**

અમદાવાદ,તા.૨૮

ચકચારભર્યા અમિત જેઠવા હત્યાકાંડ કેસમાં પબ્લીક પ્રોસીક્યુટરને કેસની તૈયારી કરવા માટે પાંચ દિવસનો સમય આપી સુપ્રીમકોર્ટે સીબીઆઇ સ્પેશ્યલ કોર્ટમાં ચાલી રહેલ આ કેસનો ટ્રાયલ સોમવાર સુધી સ્ટે કરતો હુકમ આજે કર્યો હતો. મૃતક અમિત જેઠવાના પિતા ભીખાભાઇ જેઠવા તરફથી સુપ્રીમકોર્ટમાં કરાયેલી અરજીની સુનાવણી બાદ સુપ્રીમકોર્ટે સોમવાર સુધી જેઠવા કેસનો ટ્રાયલ ચલાવવા પર મનાઇહુકમ ફરમાવી દીધો હતો. ગઇકાલે અમિત જેઠવાના પિતા ભીખાભાઇ જેઠવા તરફથી ગુજરાત હાઇકોર્ટમાં રિટ અરજી કરાઇ હતી અને જેઠવા કેસના ટ્રાયલ સામે સ્ટેની માંગણી કરી એવી રજૂઆત કરાઇ હતી કે, કેસના બહુ બધા કાગળો અને સંવેદનશીલ દસ્તાવેજોનો ઝીણવટભર્યો અભ્યાસ જરૂરી છે અને તેથી આ કેસમાં નીમાયેલા પબ્લીક પ્રોસીક્યુટરને કેસની તૈયારી અને જરૂરી અભ્યાસ માટે ત્રણ સપ્તાહનો સમય આપવો જોઇએ. જો કે, આરોપીઓ ભાજપના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી, બહાદુરસિંહ વાઢેર, ઉદાજી ઠાકોર સહિતના અન્ય આરોપીઓ તરફથી સિનિયર એડવોકેટ નિરૂપમ નાણાવટી, સિનિયર એડવોકેટ આર.જે. ગોસ્વામી વગેરેએ અરજીનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને હાઇકોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, આ કેસમાં હાઇકોર્ટે અગાઉ જયારે સમગ્ર કેસમાં રિટ્રાયલનો હુકમ કર્યો ત્યારે તે હુકમ સામે આરોપી દિનુ બોઘા સોંલકીએ સુપ્રીમકોર્ટમાં પિટિશન કરી ત્યારે સુપ્રીમકોર્ટે રિટ્રાયલનો હુકમમાં સુધારો કર્યો હતો અને કેસના માત્ર ૨૬ સાક્ષીઓને નવેસરથી તપાસવા હુકમ કર્યો હતો. એ વખતે સુપ્રીમકોર્ટે ડે ટુ ડે બેઝીઝ પર કેસનો ટ્રાયલ ચલાવવા પણ સ્પષ્ટ હુકમ કર્યો હતો.

તેથી નીચલી કોર્ટ (ટ્રાયલ કોર્ટ) દ્વારા ડે ટુ ડે બેઝીઝ પર કેસની સુનાવણી હાથ ધરાઇ રહી છે, તેમાં હવે સ્ટેની માંગણી અસ્થાને છે. સુપ્રીમકોર્ટે કરેલા હુકમ સંદર્ભે અરજદારપક્ષ દ્વારા કરાયેલી હાલની અરજી ટકી શકે તેમ જ નથી.

# બાપુનગરની સીટ પરથી કિન્નરની અપક્ષ ઉમેદવારી

અમદાવાદ, તા.૨૮

રાજયમા આગામી માસમા ૧૪ ડિસેમ્બરના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે બીજા તબકકામા ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હતો આ સમયે અમદાવાદ શહેરની બાપુનગર વિધાનસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે કિન્નર નરેશ જયસ્વાલ ઉર્ફે રાજુ માતાજી દ્વારા ફોર્મ ભરવામા આવ્યુ છે.

આ અંગે મળતી માહિતી અનુસાર,બેઠક માટે ઉમેદવારી પત્ર ભર્યા બાદ કિન્નરે આપેલી પ્રતિક્રીયામા કહ્યુ કે,બંને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પોતાના ખિસ્સા ભરવા સિવાય કોઈ કામ કરતા નથી જેના કારણે તેમને ઉમેદવારી પત્ર ભરવાની ફરજ પડી છે.તેમણે કહ્યુ કે,હવે બાકીના દિવસોમા તેઓ પોતાના મત વિસ્તારમાં ડોર ટુ ડોર જઈ પોતાનો ચૂંટણી પ્રચાર કરશે.આ સાથે જ તેઓ એક જાહેરસભા કરવાનુ પણ વિચારી રહ્યા છે.આ અગાઉ તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં પણ ઉમેદવારી કરી ચુકયા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com